## તંત્રી સ્થાનેથી...

# ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખે કરેલો નિર્ણય કેન્દ્રમા શક્ય થશે......!?

**દેશમાં ચાલી રહેલા નવા કૃષિ કાયદા વિરુદ્ધનુ ખેડૂત આંદોલન વધુ તેજ બનાવવાનું એલાન કરવા સાથે ખેડૂત નેતાઓએ આગામી ૬ ફેબ્રુઆરીએ દેશ ભરમાં ચક્કાજામ કરવાનું આહવાન કર્યું છે. જેનું કારણ બતાવ્યું છે કે આંદોલન વિસ્તારોમા ઇન્ટરનેટ પર પાબંધી, અધિકારી દ્વારા કહેવાતો ત્રાસ અને અન્ય મુદ્દા દર્શાવ્યા છે. ત્યારે ખેડૂતોના ચાલી રહેલા આંદોલનમાં ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસ સુધી રાજકીય પક્ષોને દૂર રાખી બિન રાજકીય આંદોલન ચલાવ્યું પરંતુ પ્રજાસત્તાક દિવસની બનેલ તોફાની ઘટનાઓ બાદ ખેડૂત આંદોલનમાં રાજકીય પક્ષોને પ્રવેશ આપતાં હવે નવા કૃષિ કાનુન રદ કરવા માટેનું ખેડૂત આંદોલન વધુ તેજ બન્યું છે. બજેટ સત્રમાં બજેટ રજુ થયાના બીજા દિવસે મંગળવારે સંસદમાં કૃષિ કાનુન બાબતે વિપક્ષોએ એકજૂટ થઈને ભારે હોહા...હંગામો મચાવી દેતા સવારના ૧૦-૫૦ થી ૧૦-૩૦ સુધી ગૃહનું કાર્ય સ્થગિત કરી દેવું પડ્યું હતું...પરંતુ ફરી સંસદ બેઠક મળતા વિપક્ષોની ભારે હોવાને કારણે આવતીકાલ સુધી મુલતવી રાખવું પડ્યું છે. દરમિયાન દિલ્હી રાજ્યની સિંધુ, ટિકરી અને ગાજીપુર બોર્ડર પર આંદોલનકારી ખેડૂતોની સંખ્યા સતત વધતી જઈ રહી હોવાથી ખેડૂતો તેમના ટ્રેક્ટરો સાથે દિલ્હીમાં પ્રવેશ કરે નહી તે માટે પોલીસના સઘન બંદોબસ્ત સાથે દરેક પ્રવેશ માર્ગો પર કાંટા તારની વાડ, બેરિકેડિંગ, દીવાલો ઊભી કરી છે ખાઈઓ ખોદી નાખી છે તો મજબૂત અણીયારા લોખંડના સળીયા ગોઠવી આડશો ઉભી કરી દેવામા આવી છે. બીજી તરફ શિવસેના સાંસદ સંજય રાઉત ગાજીપુર આદોલનકારી ખેડૂતોની મુલાકાતે પહોંચી ગયા છે.જ્યારે કે શિવસેનાએ ખેડૂત આંદોલનને સમર્થન જાહેર કરવા સાથે કૃષિ કાનુનનો અમલ નહીં કરવાની જાહેરાત કરી છે. ટૂંકમાં નવા કૃષિ કાનુન મુદ્દે સંસદ ગાજતી રહેશે.... કેટલો સમય ચાલશે.... કે સ્થગિત થશે.....?! તે કહી શકાય નહીં.... પરંતુ રાજહઠ અને ખેડૂત હઠ બરાબર ટકરાશે....! તેવા આસાર બની રહ્યા છે.....!**

**ગુજરાત રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો કાર્યક્રમ જાહેર થઈ ગયો તેની સાથે ભાજપા તથા કોંગ્રેસ પક્ષમાં ઉમેદવારોની લાઈનો લાગી ગઈ છે. તો વિવિધ રીતે ટિકીટ વાચ્છુઓ લોબિંગ અને દાવેદારી કરવા સાથે નેતાગીરી પર દબાણ વધારી દીધું છે જેમાં બંને પક્ષમાં બળવો થવાની ભીતિ વચ્ચે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે પ્રાદેશિક બેઠક મળતા પહેલાં જ એવો ધડાકો કરી નાખ્યો કે ભાજપમાં હડકંપ મચી ગયો તેમજ ભાજપ પ્રદેશ કારોબારી એ પણ એ જ પ્રકારનો નિર્ણય લીધો.... જેમાં ૬૦ વર્ષથી ઉપરની ઉંમરનાને ટિકિટ નહીં આપવાની,૩ ટર્મ સુધી ચૂટાયેલાને ટિકિટ નહીં આપવાની તેમજ નેતાઓના- હોદ્દેદારોના ભાઈ,ભત્રીજા કે સગાને પણ ટિકિટ નહીં આપવાની. આ નિર્ણયને કારણે યુવાવર્ગમાં ઉત્સાહ વ્યાપી ગયો છે અને આનંદની લહેર ફરી વળી છે. તો ભાજપ નેતાગણે એવો સંદેશો પણ આપી દીધો છે કે દેશમાં યુવાધન વધુ છે તેમને પણ તક મળવી જોઈએ. ટૂંકમાં યુવાનોને પ્રાધાન્ય આપ્યું છે અને આ કારણે અનેક કહેવાતા મોટા દાવેદારોના નામો કપાઈ જવાના છે.આ નિર્ણયને લઈને કાર્યકરો વચ્ચે સવાલી વાત ચર્ચાઈ રહી છે કે ગુજરાત ભાજપ પ્રમુખ દ્વારા લીધેલા નિર્ણયનો અમલ થશે કે પછી છાપાની હેડલાઇન તો નથીને...? છતાં પણ આ નિર્ણયનો રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ અમલ કરવામાં આવશે કે કેમ.....? જો કે આ નિર્ણય આવકારદાયક છે.... પરંતુ કોંગ્રેસ હજુ કોઈ નિર્ણય કરી શકી નથી છતાં પણ વડોદરા, રાજકોટ, ભાવનગર, સુરત, જામનગર વગેરે મહાનગર પાલિકાઓના ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. જ્યારે કે અમદાવાદ મનપા માટેના ઉમેદવારોની યાદી જાહેર કરી નથી કારણ.... બળવો થવાની સ્થિતિ પેદા થશે તેવી શંકા કોંગ્રેસીજનો વ્યક્ત થઈ રહ્યા છે......!?**

# ઉમેદવારોની પસંદગીમાં પટેલોને વધુ તક આપવા માટેની ગંભીર વિચારણા

સુરત,તા.૨

ગુજરાતમાં ફરી એકવાર સ્થાનિક ચૂંટણી સમયે જ અચાનક પાટીદાર અવાજ ઊઠતાં જ અલર્ટ બની ગયેલા ભાજપે સ્ટ્રેટેજી બદલીને પાટીદારને પ્રાયોરિટીમાં ટિકિટ આપવાની વિચારણા શરૂ કરી દીધી છે, કેમ કે ૨૦૧૫ની જિલ્લા-તાલુકા અને પાલિકાની ચૂંટણીમાં પાટીદાર મતદારોને કારણે ભાજપને હારનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સમયે જ એકાએક અમદાવાદના ઉમિયાધામ ખાતે લેઉવા અને કડવા પાટીદાર અગ્રણીઓએ સંયુક્ત રીતે શાસન અને વહીવટીતંત્રમાં પાટીદારોની બાદબાકી થતી જાય છે એવો સૂર ઉચ્ચારીને ભાજપ માટે એક સંદેશો મોકલી આપ્યો હતો. ત્યાર બાદ ભાજપનું પાર્લમેન્ટરી બોર્ડની બેઠક ચાલુ થઈ ગઈ છે, જેમાં ઉમેદવારોની પસંદગી થશે, એ વચ્ચે હવે પાટીદારોનાં નામ પર વિચારણા કરવાની ભાજપને ફરજ પડે એવી શક્યતા છે.

ભાજપનાં સૂત્રોના જણાવ્યા, મુજબ ભલે ૨૦૧૫ જેવું ડેમેજ ૨૦૨૧ની ચૂંટણીમાં થઈ શકે એમ નથી અને તેથી પક્ષે જે રીતે ઉમેદવારોની પેનલ બનાવી છે એમાં પાટીદારોનો અવાજ મજબૂત રીતે રજૂ થાય તેવું ન હતું. એમાં હવે પાટીદારો એ એકતા બતાવી દેતાં હવે પુનઃવિચારણા કરવી પડે તેમ છે, પાટીદારો માને છે કે ભાજપે પાટીદારોની બાદબાકી કરી છે, જેથી પાટીદાર સમાજના આગેવાનોની નારાજગીની સાથે લાગણી અને માગણીને ધ્યાને લઈ ભાજપની પાર્લમેન્ટરીની મેરેથોન બેઠકમાં મહાનગરપાલિકાની ઉમેદવાર પસંદગીમાં કેટલીક પેનલો ફેરવીને પાટીદારોને મહત્ત્વ અપાય તેવી શક્યતા છે.

# બાંટવામાં નવ નિયુક્ત મહિલા પીએસઆઇ ચાર્જ સંભાળતાજ અસામાજીક તત્વોમાં ફફડાટ ફેલાયો



માણાવદર તાલુકાના બાંટવા પોલીસ સ્ટેશનમાં નવા મહિલા પીએસઆઇ ની નિમણુંક થતા બાંટવા ને એક નવા જાંબાઝ અને હોનહાર અધિકારી મળ્યા છે .બાંટવામાં મહિલા પીએસઆઇ પ્રિતી એસ.ઝાલા નિમણુંક કરાઇ છે ત્યારે બાંટવા ને જાંબાઝ અને હોનહાર પીએસઆઇ ની નિમણુંક ના કારણે મહિલાઓને સતાવતી સમસ્યાઓનું નિરાકરણ લાવવા સરળતા રહેશે ખાસ કરીને મહિલાઓને સોશ્યલ મિડિયામાં પરેશાન કરનારાઓની સામે પગલાં લેવાની ધટનાઓમાં નિમણૂંક મદદરૂપ બનશે તો કેટલા કિસ્સાઓમાં મહિલા ગુનેગારોની સંડોવણી હોય ત્યારે મહિલા અધિકારીની હાજરી ની જરૂર પડે તે સ્વાભાવિક છે તેવા સમયમાં આ મહિલા પીએસઆઇ ની નિમણુંક કામ આવશે

બાંટવામાં ચાર્જ સંભાળતાની સાથે જ પીએસઆઇ પ્રિતી એસ ઝાલા નું નામ સંભાળી ને આવારા તત્વો, વ્યાજખોરો, ગુંડાગીરી કરતા તત્વો, લુખાઓ હાલ બાંટવામાં જાંબાઝ અધિકારી ની નિમણુંક થતા તમામ અંડરગ્રાઉન્ડ થઇ ગયા હોવાની ચર્ચાઓ શહેરમાં થઇ રહી છે

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

### આગામી ૯ ફેબ્રુઆરીએ કોર્ટમાં સુનાવણી

# પરિપત્રને લઈ અરજી પર હાઈકોર્ટે રાજ્ય ચૂંટણી પંચ અને સરકારને નોટિસ ફટકારી



અમદાવાદ,તા.૨

રાજયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની મતગણતરી અંગેના ચૂંટણી પંચના પરિપત્રને પડકારતી અરજી પર ગુજરાત હાઈકોર્ટે રાજ્યના ચૂંટણી પંચ અને રાજ્ય સરકારને નોટિસ પાઠવી છે. આ મામલે વધુ સુનાવાની ૯મી ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટે આ મુદ્દે રાજયના ચૂંટણી પંચ અને રાજ્ય સરકારને આ મુદ્દે ૬ ફેબ્રુઆરી સુધી સોગંદનામું રજૂ કરવાનો આદેશ કર્યો છે.

ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં રજુઆત કરવામાં આવી છે કે મહાનગર પાલિકા અને પંચાયતની મતગણતરી એક સાથે રાખવામાં આવે.રાજયના ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી કે સ્થાનિક સ્વરાજની ચૂંટણી બે તબક્કામાં યોજાશે અને તેની મત ગણતરી પણ બે અલગ અલગ દિવસે થશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત ૬ મહાનગર પાલિકાઓના ચૂંટણીના પરિણામ માટે મતગણતરી ૨૩મી ફેબ્રુઆરીના રોજ થશે, જયારે નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની મતગણતરી ૨ માર્ચ રોજ હાથ ધરવાના ચૂંટણી પંચના આ નિણર્યને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો છે.

અમદાવાદ મહાનગર પાલિકા સહિત મહાનગર પાલિકાઓની ચૂંટણી ૨૧મી ફેબ્રુઆરીના રોજ યોજાશે, જ્યારે ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતની ચૂંટણી ૨૮મી ફેબ્રુઆરીના રોજ યોજાશે તેવી ચૂંટણી પંચ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. સ્થાનિક સ્વરાજ્યની અલગ અલગ ચૂંટણીને લઈને ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ટ્વિટ કર્યું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને અમે તૈયાર છીએ. વર્ષ ૨૦૧૫માં હાઈકોર્ટના આદેશ બાદ પણ ભાજપના દબાણમાં મતગણતરીની અલગ અલગ તારીખ જાહેર કરી છે.ચૂંટણીપંચના આ નિર્ણયને અમે કોર્ટમાં પડકારીશું.

# અમદાવાદમાં કોંગ્રેસના ધારાસભ્યે ટિકિટો વેચવાનો કરાયા આક્ષેપો

અમદાવાદ,તા.૨

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી ટાણે જ અમદાવાદ શહેર કોંગ્રેસમાં ઘમસાણ મચ્યું છે. શહેરના પૂર્વ વિસ્તારના એક ધારાસભ્યે કેટલાક વોર્ડની ટિકિટો ત્રણ લાખથી માંડીને આઠ લાખમાં વેચવાનો ધંધો શરૂ કરી દીધો છે, ધારાસભ્ય તેના મળતિયા સાથે મળીને આ કામને અંજામ આપી રહ્યા છે, એટલું જ નહિ પરંતુ હાઈકમાન્ડે ગુજરાત મોકલેલા એક ટોચના નેતાની પણ જાસૂસી કરવાનું કામ થઈ રહ્યું હોવાના ગંભીર આક્ષેપો કરાયા છે. સાથે જ શહેરના કેટલાક નેતાઓ શરાબ અને શબાબની મહેફિલો યોજતાં હોવાનો દાવો કરાયો છે. કોંગ્રેસના કાર્યકરે આ સંદર્ભેની ફરિયાદ કરતો એક પત્ર પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, પ્રભારી રાજીવ સાતવ અને ઓબ્ઝર્વર તામ્રધ્વજ સાહુને મોકલતાં રાજકીય ગરમાવો આવ્યો છે.

કોંગ્રેસના જ એક ટોચના નેતા પર આક્ષેપ કરાયો છે કે, શહેરના એક મંત્રીને પૈસા લઈને ટિકિટ માટે મંજૂરી આપવામાં આવી રહી છે, આ એ જ વ્યક્તિ છે જે પૂર્વ વિસ્તારના ધારાસભ્ય સાથે મળીને ટિકિટો વેચવાનો ધમધોકાર ધંધો ચલાવી રહ્યા છે. ધારાસભ્ય અને તેના મળતિયા અમદાવાદ શહેરના કેટલાક વોર્ડની ટિકિટો ત્રણ લાખથી માંડીને આઠ લાખ રૂપિયામાં રીતસર વેચી રહ્યા છે. એટલું જ નહિ પરંતુ અમદાવાદ શહેરના કોંગ્રેસના એક ટોચના નેતા બાપુનગરના દારૂના વેપારીને ત્યાં શરાબ અને શબાબની મહેફિલ માણવા સમયાંતરે જતાં હોવાનો દાવો કરાયો છે. ધારાસભ્યનો મળતિયો એઆઈસીસીએ મોકલેલા એક નેતાની જાસૂસી કરતો હોવાનો પણ પત્રમાં દાવો કરાયો છે. પત્રમા કહેવાયું છે કે, ખરેખર કામ કરનારા લોકોને ન્યાય નહિ મળે તો તેની સંપૂર્ણ માહિતી કોંગ્રેસ હાઈકમાન્ડને સુપરત કરવામાં આવશે. અમદાવાદ શહેરના એક નેતા શરાબ અને શબાબની મહેફિલ માણે છે, આ બાબતની જાણ ગુજરાત કોંગ્રેસની પ્રદેશ નેતાગીરીને પણ છે. જેને ત્યાં મહેફિલ યોજાય છે ત્યાંના સીસીટીવી કેમેરા તપાસવામાં આવે તો પણ મહેફિલ માણવા આવતાં એક ધારાસભ્ય, શહેરના એક નેતા વગેરેની માહિતી આસાનીથી મળી જાય તેમ છે. પત્રમાં દાવો કરાયો છે કે, પક્ષના કાર્યકરો બોગસ નેતાઓથી પરેશાન છે, જો સાચા લોકોને ટિકિટ નહિ મળે અને આગેવાનો સામે પગલાં લેવામાં નહિ આવે તો કોંગ્રેસ પક્ષના વિરોધમાં એઆઈસીસીએ મોકલેલા ટોચના નેતાનું મ્હોં કાળું કરવાનો અને ગધેડા પર બેસાડીને જુલૂસ કાઢવા જેવા કાર્યક્રમો કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# રાજ્યમાં ઠંડીમાં આંશિક ઘટાડો, ૯.૦ ડિગ્રી સાથે ગાંધીનગર ઠંડુગાર

સુરત,તા.૨

ગુજરાત રાજયમાં ઠંડીનું પ્રમાણ ધીમે ધીમે ઘટી રહ્યું છે. રાજ્યમાં ૯.૦ ડીગ્રી સાથે ગાંધી નગર સૌથી વધુ ઠંડુ શહેર રહ્યું હતું. જો કે હજુ પણ ઉત્તર ભારતમાં ઠંડીનું પ્રમાણ વધુ છે. અને આગામી બે૦એક દિવસમાં ઉત્તર ભારતમાં વરસાદની પણ સંભાવના છે તેને જોતા ગુજરાત માં પણ આગામી દિવસોમાં ઠંડીનું જોર વધી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અમદાવાદમાં લઘુત્તમ ૧૧.૦ ડિગ્રી તાપમાન નોધાયું હતું. વડોદરામાં ૧૩.૦ ડિગ્રી લઘુત્તમ તાપમાન, સુરતમાં લઘુત્તમ ૧૭.૫ ડિગ્રી તાપમાન, રાજકોટમાં ૧૫.૦ ડિગ્રી લઘુત્તમ તાપમાન, નલિયામાં ૧૦.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન, નોધાયું હતું. બે દિવસ ઠંડીમાં આંશિક રાહતનાં સંકેત જોવા મળી રહ્યા છે. તો હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૪ ફેબ્રુઆરીથી ફરી ઠંડીનો રાઉન્ડ શરુ થશે.

# વિપક્ષના સમર્થનથી કોઈ સમસ્યા નહીં, ઓક્ટોબર સુધી ચાલુ રહેશે આંદોલન: ટિકૈત

ન્યુ દિલ્હી,તા.૨

કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ કાયદા સામે સાત મહિનાથી વધુ સમયથી ખેડુતો દેશમાં આંદોલન કરી રહ્યા છે. બે મહિનાથી વધુ સમયથી, ખેડૂતો દિલ્હીની જુદી જુદી સીમાઓ પર ધરણા પર બેઠા છે. દરમિયાન ખેડૂત નેતા રાકેશ ટીકાઈટ દ્વારા એક મોટું નિવેદન આવ્યું છે. રાકેશ ટીકૈતે કહ્યું છે કે તાજેતરના ભૂતકાળમાં આ આંદોલનનો અંત આવે તેવી કોઈ આશા નથી. આ આંદોલન હજી સાત-આઠ મહિના અને દિલ્હીની સરહદો પર ચાલી શકે છે.

દિલ્હી અને ઉત્તર પ્રદેશ (ગાઝીપુર સરહદ) ની સરહદો પર ખેડુતોની હડતાલનું નેતૃત્વ કરી રહેલા ભારતીય કિસાન સંઘના પ્રવક્તા રાકેશ ટિકૈતે મંગળવારે કહ્યું હતું કે, ×અમે સરકારને કહ્યું છે કે ખેડૂતોનું આ આંદોલન ઓક્ટોબર સુધી ચાલશે. × અમે હજી ઓક્ટોબર સુધી વાત કરી રહ્યા છીએ. ઓક્ટોબર પછી પણ આંદોલન ચાલી શકે છે, અમે પછીની તારીખો આપીશું. ટિકૈતે કહ્યું કે સરકાર સાથે વાતચીત પણ ચાલુ રહેશે, પરંતુ અમારું સૂત્ર એક જ રહેશે - જ્યાં સુધી કાયદો પાછો નહીં ખેચાય ત્યાં સુધી ઘરે પાછા નહીં ફરે.

દિલ્હી અને ઉત્તર પ્રદેશ (ગાઝીપુર સરહદ) ની સરહદો પર ખેડુતોની હડતાલનું નેતૃત્વ કરી રહેલા ભારતીય કિસાન સંઘના પ્રવક્તા રાકેશ ટિકૈતે મંગળવારે કહ્યું હતું કે, ×અમે સરકારને કહ્યું છે કે ખેડૂતોનું આ આંદોલન ઓક્ટોબર સુધી ચાલશે. × અમે હજી ઓક્ટોબર સુધી વાત કરી રહ્યા છીએ. ઓક્ટોબર પછી પણ આંદોલન ચાલી શકે છે, અમે પછીની તારીખો આપીશું. ટિકૈતે કહ્યું કે સરકાર સાથે વાતચીત પણ ચાલુ રહેશે, પરંતુ અમારું સૂત્ર એક જ રહેશે - જ્યાં સુધી કાયદો પાછો નહીં ખેચાય ત્યાં સુધી ઘરે પાછા નહીં ફરે.

ગાઝીપુર બોર્ડર પર વિપક્ષી પાર્ટીના નેતાઓ આવતા વિશે વાત કરતા ટિકૈતે કહ્યું કે જો કોઈ આવે તો તેનું સ્વાગત છે. જે આપણું સમર્થન કરે છે, અમે તેનું સ્વાગત કરીએ છીએ પરંતુ તેના પર રાજકારણ ન થવું જોઈએ. રાકેશ ટીકૈતે એમ પણ કહ્યું હતું કે, ચળવળ સ્થળની આજુબાજુના રસ્તાઓ ખેડૂતો દ્વારા નહીં પણ પોલીસે બંધ કરી દીધા છે. આંદોલન નજીકના રસ્તાઓ પર સ્પાઇક્સનો હેતુ એ છે કે જનતા તેમનાથી પરેશાન થશે અને તેઓ ખેડૂતોની વિરુદ્ધ હોવા જોઈએ.

# જીવનસાથીની ખૂબીને ઓળખો,ખામીને નહીં




સરવાળે સંબંધ
મેધા પંડ્યા ભટ્ટ
medha.pandya@gmail.com




કોઇ વ્યક્તિમાં છૂપાયેલી ખામીને આપણે સૌ પ્રથમ ચર્ચાનો કે કૂથલીનો વિષય બનાવી લઇએ છીએ પણ ક્યારેય એમ વિચારતા નથી કે તે વ્યક્તિમાં કેટલી ખૂબી રહેલી છે. તે કેટલી આવડત ધરાવે છે. મનુષ્યની માનસિકતા સૌ પ્રથમ અને હરહંમેશ નેગેટીવ વિચારો તરફ વધારે દોડવા લાગે છે. કોઈપણ વાત હોય તો તેની પાછળ નકારાત્મક અભિગમ તરત જોવા મળશે.

વાતોનું વતેસર કરવું એએક રીતેકૂથલી છે. જે કોઇકના માટે મનોરંજન હોય છે, તો કોઇકના માટે ફરીયાદ હોય છે. ફરીયાદ કરવાનીઆ પદ્ધતિ તમારા જીવનને કેવો વળાંક આપે તેનો અંદાજ પણ લગાવી શકાય નહીં. તેના માટે તમારે સ્વભાવ બદલવો પડશે અને મુશ્કેલીઓનીમૂળ કડી સુધી પહોંચવું પડશે. તેથી જ કહેવાય છે કે વ્યક્તિની ખૂબીઓ ગણો, ખામીઓ નહીં.

અનામિકા તેની સહેલીઓ સામે તેના પતિની ફરિયાદ કરી રહી હતી. રોજ મોડેથી આવવું તેમનું તો સામાન્ય બની ગયું છે, બધુ કામ મારે જ કરવું પડે છે, બાળકોને ટ્યુશનથી લાવવા, ઘર માટે શાકભાજી-ફળલાવવા કેટકેટલુંય કામ હોય છે. રોજ કહું છું કે થોડા જલ્દી આવો, બાળકોની સાથે રહો, તેઓ શું ભણે છે તે જુઓ, પણ સાંભળતા જ નથી. તેમના માટે તો તેમની ઓફીસ જ સર્વસ્વ છે. અનામિકા પોતાના પતિની ફરિયાદ કરી રહી હતી. તેને એક વાત નહોતી સમજાતી કે જે સહેલીઓની વચ્ચે પોતાના પતિની ફરિયાદ કરી રહી હતી, તે બધી જ મનમાંને મનમાં તેના પર હસતી હતી. તેની વાતોની મજા લેતી હતી, તેમાંથી કોઇ એક પણ તેનું હમદર્દ નહોતું. કોઇએ પણ તેની મુશ્કેલીને દૂર કરવા માટે પ્રયત્ન ન કર્યો.

અનામિકા જેવી મહિલાઓની આ દુનિયામાં કોઇ અછત નથી. જે પોતાની આખી જીંદગી ફરિયાદ કરવામાં જ પસાર કરી દે છે. તે હંમેશા કહેતી રહે છે કે, તેમની પાસે આ નથી, પેલું નથી. પતિથી, સગાસંબંધીઓથી, નસીબથી અને પોતાનાથી પણ તેને હંમેશા ફરિયાદ રહેતી હોય છે. આ મહિલાઓ પોતાના સ્વભાવના કારણે તેમની પાસે જે હોય છે, તેનો આનંદ પણ લઇ શકતી નથી. તે પોતે સમજી નથી શકતી કે તે પોતે ખુશ રહેશે તો તેનાથી તેના પરિવારની પ્રગતિ થશે. જો આ મહિલાઓ પોતાની ફરિયાદમાં થોડો ફેરફાર લાવે કે તેને પોઝીટીવ રીતે કહેવાનો પ્રયત્ન કરે તો તકલીફો દૂર થવામાં વધારે સમય લાગશે નહી.

હવે જો અનામિકાના ઘરની વાતને લઇને જ આગળ ચર્ચા કરીએ તો પરિવાર અને તેમના માટે થઇને જ પતિ મોડે સુધી ઓફિસમાં રોકાઇને પોતાની નોકરી બચાવવાનો પ્રયત્ન કરતા હોય છે. ઓવરટાઇમ કરીને વધારે પૈસા કમાવવાનો પ્રયત્ન કે પ્રમોશન લઇને આગળ વધવાનો પ્રયત્ન કરતા હોય છે. આવામાં પોતાની મહિલામંડળની વચ્ચે પોતાના પતિની ફરિયાદ કરવાની કોઇ જરૂર છે ખરી.?..શું આમાંથી કોઇની પાસે પણ અનામિકાના પતિને વહેલા ઘરે લાવવા માટેનો ઉપાય છે ખરો..?.શું કોઇને પણ તેની ઘરની પરિસ્થિતીનો ખ્યાલ છે ખરો..?. ઓફિસમાં તેના પતિને શું તકલીફો પડે છે, તેનો પણ કોઇને ખ્યાલ છે ખરો.?..અનામિકાએ પોતાના પતિની ઓફિસમાં મોડે સુધી રોકાવાની તકલીફને સમજવાન પ્રયત્ન તો કર્યો નથી અને બધાની વચ્ચે પોતાના પતિને દોષીત સાબિત કરી દીધો. પોતાના ઘરની ફરિયાદ બહાર કરવી એ વાત કેટલી હદે યોગ્ય છે, તે કોઇ મહિલા ક્યારેય વિચારે છે ખરી.

દરેકના જીવનમાં સારી-ખરાબ પરિસ્થિતીઓ આવે છે, તેને સ્વીકારવી જ પડે છે. એક સમય સુધી ભાઇ-બહેન, સંબંધીઓ કે મિત્રો સાથે હોય છે. પણ તે પછી તો તમારે જ દરેક મુશ્કેલીઓનો સામનો જાતે કરવાનો સમય આવે છે. તેવામાં સામાન્ય વાત કરવાના બહાને ફરિયાદ કરો તો વાત કરવાનો કોઇ અર્થ રહેતો નથી. ખામીઓ ગણાવ્યા કરવી તે કોઇ ઉપાય નથી, તે વાત સમજવી જોઇએ.

જીવનમાં જયારે ઉદાસી છવાઇ જાય છે, ત્યારે નકારાત્મકતા મનમાં ઘર કરી લે છે. પણ દરેક પરિસ્થિતીમાં હકારાત્મક વિચારો તમને આગળ વધવામાં અને વ્યક્તિની સારી બાબતોને સમજવામાં મદદરૂપ બને છે. કોઇને ફરિયાદ કરીને તમે પોતાને હાસ્યાસ્પદ બનાવો જ છો, સાથે જ તમારા જીવનસાથીની નજરોમાં પણ નીચા પડો છો.

જે મહિલાઓને દરેક સમયે ફરિયાદ કરવાની આદત હોય છે, તેઓ ફક્ત પોતાની જ સલામતીની વાત જાહેર કરે છે. તેમનામાં આત્મવિશ્વાસ ઓછો જોવા મળે છે. પોતાના મિત્રવર્તુળમાં તે હંમેશા પોતાની તુલના બીજા જોડે કરતી રહે છે. તેમને એવું લાગે છે કે જે બીજા પાસે છે, તે તેમની પાસે હોવું જ જોઇએ. ઘણી મહિલાઓ તો એવું પણ વિચારતી હોય છે કે બીજાની ભૂલ સાંભળતા પહેલા તે પોતાની જ બધી વાતો જાહેર કરી દે.તેઓ બીજાને નીચા પાડીને આગળ વધવાનો પ્રયત્ન કરતા હોય છે. આવી મહિલાઓ પોતાની આખી જીંદગી નકારાત્મકતા સાથે વિતાવી જ દે છે. સાથે જ આવા વાતાવરણમાં ઉછરતા બાળકો પર પણ તેની અસર પડે છે.તેમને સારા સંસ્કાર મળતા નથી. તેઓ હંમેશા મૂંઝાયેલા રહે છે. હતાશા અનુભવે છે. તેમનામાં વ્યાવહારિક સમસ્યાઓ ઉદ્ભવે છે.નેગેટીવ અને ફરિયાદી વિચારોના કારણે પતિને ઘરમાં કોઇ રસ રહેતો નથી.કૌટુંબિક અને સાંસારિક જીવનમાં ઉથલપાથલ સર્જાય છે. આ બધુ ફક્ત એક વિચારસરણીના કારણે જ જન્મે છે. તો પોતાના જ વ્યક્તિની ખામીઓને સતત વાગોળતા રહેવા કરતા તેની ખૂબીઓને જાણીને ખામીઓને ઢાંકી દેવાનો પ્રયત્ન કરવો જોઇએ. જો માતા મનથી સ્થિર હોય તો બાળકો સારા વાતાવરણમાં મોટા થાય છે.

ફરિયાદ માટેના કેટલાક સામાન્ય વાક્યોઆવા પણ હોય છે:

--- નણંદ ખૂબ ચાલાક છે

--- પતિ મારી સાથે મારા પિયર તો આવે જ નહીં.

--- સાસુમા દરેક વાતમાં ટોક્યા કરે છે.

--- પતિનો ગુસ્સો તો ખૂબ જ ખરાબ છે.

--- પતિ જ્યારે હોય ત્યારે ટીવી સામે જ બેસી જાય છે.

--- મારા માટે તો ટાઇમ જ ક્યાં છે તેમની પાસે.

--- ઘરના કામોમાં તો ધ્યાન જ નથી આપતા.

--- મિત્રો સાથે ગપ્પા મારી શકાય, મારી સાથે વાત કરવાનો સમય નથી.

--- બાળકોને ક્યારેક તો ભણાવી શકાયને.

--- ઘરના બધા જ કામ મારે જ કરવાના. કોઈ મદદ ન કરે.

# બોધ કથા
# બાઈની હજારની નોટ




લક્ષ્મીબાઈ ને રોજ ના કરતાં આજે મોડી આવતાં જોઈ ને શેઠાણીબા એ ચિંતા કે સંવેદનશીલતા નો ડોળ કર્યા વગર છણકો કર્યો, : × આજે વહેલા આવાનું યાદ ન રહ્યું તો બપોરનું ખાવાનું

પણ નહીં મળે. અને હા...આજે ઘરના બધા પડદા ધોઈ નાખજે ! ×બિચારી લક્ષ્મીબાઈ કાંઈ બોલી ન શકી ને આમ દરેક ઘરે થી દાટ પડી ને મોડી રાતે પોતાની ઝૂંપડ પટ્ટી તરફ પાછી ફરી. બાજુવાળી શાંતા એની રાહ જોઈને બેઠી હતી એનો વર ફળીયામાં

ઢીચીને બેભાન અવસ્થામાં ખાટલે પડ્યો હતો. શાંતાબાઈ ને પણ લક્ષ્મીબાઈની જેમ જ રોજ કામે જવું પડતું . ફક્ત માત્ર એજ હતો કે એનો વર દારૂડિયો હતો ને તેને કોઈ છૈયા છોકરાં હતા

નહીં. લક્ષ્મીબાઈને દીકરો હતો કે જે બાપના દેવા ને લીધે ભરપાઈ કરી કરીને થાકી ગયો હતો પણ વ્યાજ ઉપર વ્યાજ ભરાય પણ બાકી ઉધાર તો બાકી નું બાકી જ રહે. આખરે એણે ગળે

ફાંસો ખાઈને આપઘાત કર્યો ને બિચારી લક્ષ્મીબાઈ ગામના વૈતરાં કરતી રહી ને એકલી જીવતી રહી. ચાલી ચાલી ને ઘસાઈ ગયેલા ચંપલ અંગુઠેથી તૂટ્યા ત્યારે મોચીએ સાંધી દેવાની ના

પાડી ને કીધું માઈ બીજા નવા લે આ હવે સંધાય તેમ નથી.

લક્ષ્મીબાઈ ને શાંતાબાઈ આજુ બાજુ ની સોસાયટીમાં જઈ કામ કરે રાત પડે ઘરે આવે. કેહવાતી

ખોરડી... અરે નામ ની ખોરડી માં માંડ માંડ ચૂલો બળે તો પણ લક્ષ્મીબાઈ શ્રધ્ધાથી રોજ

દીવો કરે,મંદિરે જાય ને બાજુવાળા કેશુ ને દીકરાથી વધુ સાચવે.બાજુ ની ખોલીમાં રહેતી જમનાબ઼ઈ ને ત્યાં બકરી હતી તેની પાસેથી લક્ષ્મીબાઈ રોજ વાટકી દૂધ માંગી લાવી એની ચા બનાવી કેશુ

સાથે રકાબી રકાબી પી ને આનંદ લેતી. કેશુ પરણેલો પણ માઈ પાસે બેસી ને ક્યારેક ચા પીતો બેય સગા મા-દીકરાં જેટલો આનંદ પામતાં. કેશુએ ચૂંટણીના સમયમાં નેતા એમને ગામ પધારવાના

છે તેમ કહ્યું સાથે જમણ પણ હતું. બધા ખૂબ હોંશે હોંશે પહોંચી ગયા. કોઈને ભાષણમાં રસ નહોતો. . આ બધા ત્યાં ખુલ્લા મેદાન માં ધૂળમાં બેઠા હતા ને રાહ જોઈ રહ્યા હતા કે ક્યારે ખાવાનું આવે.

ને સાચે કેટરીગ ટ્રક આવી ને ઉભી રહી તો નેતા એ પોતાનું ભાષણ જયહિંદ કહી ને બંધ કર્યું . બધાને પેકેજડ ફૂડ મળ્યું. બીજાની પાછળ આ બધાને પણ સ્ટેજ પાસે નેતા ના હાથે પૈસા મળ્યા. બધાને

સો સો ની નોટ મળતી હતી પણ માઈ ના આશિર્વાદ મળે તેથી હજાર ની નોટ દીધી. લક્ષ્મીબાઈ ની મુઠ્ઠીમાં હજારની નોટ ઘણાની નજર બહાર ના રહી. ડરતાં ડરતાં ઘરે આવી ને ક્યાં સંતાડવી એની

ચિંતા માં ગાંઠે બાંધી ને સાડલો ખોસીને તે સૂઈ ગઈ. વહેલી પરોઢે તેની આંખ ખૂલી ગઈ. પણ પડ્યા પડ્યા એને વિચાર આવ્યા કે આ પૈસા માંથી પોતાના તૂટી ગયેલાં ચશ્માં ફિક્સ કરાવવા. મ?ત્યુ પામેલા દિકરા ના ફોટા ની નવી ફ્રેમ ને કાચ બદલવો. ને કેશુ ની વહુ માટે સાડલો ને એના બાબલા માટે બુશર્ટ પેન્ટ લેવા. એ તો હરખાતી હરખાતી ઉઠી ગઈ. પૂજા પાઠ પતાવી કેશુ સાથે ચા પીતા પીતા બોલી કે મને બધુ લેવા બાજુ

ના શહેરમાં જવું છે. પણ જો તું સાથે આવે તો. કેશુ એ પૈસા વાપરવા કરતા બિમાર પડે કે કંઇ જરૂર પડે ત્યાં વાપરવા અત્યારે ઉડાડી મૂકવા ખૂબ મના કરી પણ લક્ષ્મીબાઈ ના માની તે ના

જ માની...છેવટે એકલી જઈશ કહી ને ચાલવા માંડી. ન છૂટકે મા જેવી જ છે તો સાથે જવા કેશુ તૈયાર થયો. બંને બસમાં બેસી શહેરે પહોંચ્યાં. હજુ તો દુકાનો ખુલી જ હતી. ચશ્મા ના કાચ

ફિક્સ તો થઈ ગયા પણ હજારની નોટ ધરી તો સેલ્સમેને કીધું છૂટ્ટા નથી. કેશુ એ પોતાના ખિસ્સામાંથી કાઢી ને બિલ ચૂકવ્યું. મ?ત્યુ પામેલા દીકરાના ફોટા ની ફ્રેમ ને કાચ નંખાઇ ગયો પણ

હજારની નોટ ના છુટ્ટા દુકાનદાર પાસેથી ના મળ્યા. તેણે કહ્યું કપડા લઈને આવો ને ત્યારે છુટા મળે ત્યારે વળતા ફોટો લઈ જજો.

ગમતો સાડલો લઈ ને બુશર્ટ પેન્ટ પણ લઈને બીલ ભરવા લક્ષ્મીએ હજાર ની નોટ કાઢી તો દુકાનદાર ને એમનાં દેખાવ ઉપરથી લાગેલ કે આ નોટ હજાર ની સાચી નોટ નથી. સામે ચા

પીતા હવાલદાર ને જોઈને બોલાવી પૂછ્યું શું લાગે હજારની નોટ સાચી છે કે ખોટી. હવાલદાર કંઈ ઉતરે એવો નહોતો. બંને ને લઈ ગયો પોલિસ સ્ટેશને. કલાકો સુધી બહારે બેસાડી સાંજ

પડવા આવી ત્યારે જેલ માં પૂરી દીધા. ઉપરથી પટ્ટે પટ્ટે કેશુ ને માર્યો એ અલગ. લક્ષ્મીબાઈ ની વાત કોઈને સાંભળવી નહોતી ને કેશુ એ નેતા ની વાત કરી તો કોઈ માનવા તૈયાર જ નહોતું. આખો દિવસ ને આખી રાત ભૂખ્યા એક બીજાની ઓથે પડ્યા રહ્યા. કેશુ ને બહુ માર મારેલો લક્ષ્મીબાઈ માથા કૂંટતી રો કકળ કરી રહી હતી ને પોતાને દોષ દેતી બોલતી હતી કે બધામાં

તેનો જ વાંક હતો. જો એણે હજારની નોટ લીધી જ ના હોત તો ? ને લીધી તો ખરચવાનો શોખ ના કર્યો હોત તો ? હવાલદાર જઈને ગામમાં આવેલા એજ નેતા ને રાતોરાત મળી આવ્યો.

એની પાસેથી વાત જાણ્યા પછી એને બ્લેકમેઈલ કરવાની ધમકી આપી નેતા પાસેથી પચ્ચીસ હજાર કઢાવ્યા. ઉપરથી ચા-પાણી ના ચાર-પાંચ હજાર ચૂપ રહેવાના કઢાવ્યા. સવારે ચા

ને બ્રેડ આપી લક્ષ્મીબાઈ ને કેશુ ને ધમકાવતાં હવાલદારે કહ્યું અહીંથી સીધ્ધા તમારા ગામે ચાલ્યા જાવ. આ તારી હજારની નોટ ને બીજા પચાસ રૂપિયા ભાડા ના રાખ. બંને એ એકબીજા સામુ જોયું. લક્ષ્મીબાઈ એ હજારની નોટ જ લીધી ને ત્યાંથી ભાગતાં ભાગતાં બસ પકડી. કન્ડક્ટર બીજાને ટિકિટ આપતો હતો ત્યારે પેલા ફોટાફ્રેમ વાળા દુકાનદાર નો અવાજ સંભળાયો.એણે કહ્યું, : 'બાઈ તારા દીકરા નો ફોટો ' લક્ષ્મીબાઈએ હજરની નોટ કાઢી પણ દુકાનદારે કહ્યું બીજી વાર આવે ત્યારે પૈસા આપજે . રસ્તામાં આવતી નદીમાં હજારની નોટ બસ માંથી ફેંકતાં લક્ષ્મીબાઇ ને કેશુ એ હળવાશ અનુભવી.

---રેખા શુક્લ..અમેરિકા

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો ની છેલ્લે આપેલ વિષય પૈકી નવ પદ્ય રચનાં આજથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

---

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling : 9824653073
સંચાલક શ્રી : પ્રદીપ રાવલ (ગાંધીનગર)
નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ (વડોદરા)

---

**NOG SS No :- 0078**
પ્રકાર - પદ્ય
વિષય - પ્રકૃતિ
ઝાંઝવામાં ચાલવાનું ક્યાં સુધી ?
સ્વપ્નમાં પણ રાચવાનું ક્યાં સુધી ?
છાંયડાને મારવાનું ક્યાં સુધી ?
ઝાડને કહે કાપવાનું ક્યાં સુધી ?
ઓક્સિજન ઓછો થતો જશે,વિચાર
વન હવે તો બાળવાનું ક્યાં સુધી ?
ઘર વગર એક ક્ષણ વિચારી તો તું જો?
પંખીનું ઘર તોડવાનું ક્યાં સુધી ?
ડિજિટલમાં ફક્ત લિલોત્રી હશે
આવાં સુખને માણવાનું ક્યાં સુધી ?
એલીયન જેવા પછી દેખાવું છે ?
તો પ્રદૂષણ જોડવાનું ક્યાં સુધી ?
ઈશ્વરે સુંદર બનાવ્યું છે જગત
કાંતિ કહી તે ભાગવાનું ક્યાં સુધી
સગપણો તો પ્રેમથી સચવાય છે
થીગડું તો ટાંકવાનું ક્યાં સુધી ?
એમ તારા કંઈક વર્ષો તો જશે ;
ધ્યેય કેવળ તાકવાનું ક્યાં સુધી ?
શ્વેતા તલાટી

**NOG SS: 0089**
શીર્ષક : પ્રકૃતિ
“હું જ આકૃતિ હું છું પ્રકૃતિ- લાવું પાછી સંસ્કૃતિ !“
નાનકડું આકાશ મારે ગજવામાં છો ભરવું છે,ઇગ્લીશ વસ્તુઓનું પરદેશગમને છો તરવું છે
ભાગમભાગી મહામારીએ દીપ પ્રાગટ્ય કરવું છે,પાકિટમાં લેક્ચર ભરી ગલુડિયાનું છો ડરવું છે.
પપ્પા સ્લોટર હાઉસ જેવું વાઇરસનું જ ફરવું છે ,જ્વલંત વને ભેંકાર એકાંતી રોજનું તે રડવું છે
કરૂણા ક્યારે ડેટિંગ કરશે માનવતાનું મરવું છે, ધર્મના સંસ્કાર ઉગ્યા કર્મી સિધ્ધાંતનું જીવવું છે.
માંગી માંગીને મેં માંગી ’સ્વચ્છતા”છું હું પ્રકતિમળશે હવે લાગે છે ’સહકાર’ હું ને તું જ પ્રકતિ.
દીધો લીધો વ્યવહાર ભળ્યો તહેવાર હું જ ’આકતિ’ કરી ’નમસ્તે’ કરીએ ’સંવાદ’ સોણી ’ “સભ્યતા’ આકતિ વિશ્વ માંગે શાંતિ શુભારંભી દૈવી તત્વ છે પ્રકૃતિસહચારી સંસ્કતિ સંગ પ્રસન્ન સંસ્કારી ,પરિપૂર્ણ.પ્રકતિ
રેખા શુક્લ

---

**NOG SS No :- 0051**
વિભાગઃ પદ્ય
શીર્ષકઃ "પ્રકૃતિનાં ખોળે "
સૃષ્ટિ પરનો જીવાત્મા,
પરમાત્માને આધીન રે..
સંસાર રૂપી સાંકળમાં,
બાંધી લીધો મુજને રે..
જીવન મોંઘેરુ લાગે,
મહેમાન બની આવ્યો રે...
પ્રકૃતિનાં ખોળે માથું મૂકી
નિરાંતની પળો માણી રે...
વિચાર, વિવેક સઘળી,
તારી મોહમાયા લાગે રે...
પ્રાણ-પ્રકૃતિનો સર્જનહાર,
તું એક જ હરિહર રે....
સફળ થાય જન્મારો,
હરિના ગુણ ગાય રે...
ઉર્વશી મહેતા,અમદાવાદ.

---

**NOG SS No-0091**
પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ પૃથ્વી નો અરીસો
દાયકા પહેલાંનું રૂપ જોઈ પૃથ્વી પોતે હરખાતી.
કુદરતનીએ દેન ઉપર મનોમન મલકાતી.
ખળખળ ખળખળ નદી વહેતી તરતાં જીવો મહી.
સરોવર, નદી, ઝરણાં દોડી જાય સમુદ્ર મહી.
ચારે બાજુ પર્વત ડોલે, ડોલે ડુંગર વિશાળ.
એ ડુંગરો પર મોજ કરે છે માતા જગવિખ્યાત.
આજુબાજુ જંગલ ઝૂલે, ઝૂલે વેલા ને ઝાડ.
તેના ઉપર ઝૂલે પંખીઓ કરે કલરવ ગાન..
મોર નાચે, ઢેલ નાચે, નાચે વન ઉપવન.
નયનરમ્ય દ્રશ્ય જોઈને હરખાય માનવ મન.
પ્રકૃતિ સાથે પ્રણયમાં હરખાતો માનવ ગણ.
વડલાની વડવાઇએ બાળક ઝૂલા ખાય.
એ જોઈને “શુક”નું હૈયું ખૂબ ખૂબ હરખાય.
ચાંદો ચમકે, સુરજ ચમકે, ચમકે નભમાં તારા.
કિલ્લોલ કરતાં પંખીઓ નભમાં લાગે કેવાં પ્યારા?
રંગબેરંગી પતંગિયાને ભમરા ખૂબ ઊડે.
એને જોઈને ફૂલો પણ અભિમાને ચડે.
પવનનાં સુસવાટાથી ઝાડ ખલબલ થાય.
એ ઝાડની છાયા નીચે વૃદ્ધો બેઠાં દેખાય.
પનિહારી પાણી જાય, ગોવાળ જાય ચરાવા.
ગામ કે પાદરની નથી કોઈ પરવા.
ચોરાહે બેસીને લોકો કરતાં મનની વાત.
ખેતર મહી બપોરે જાતાં રોટલાને ભાત.
લીલાછમ અનાજ થાય ને થાય ફળ ને શાક. એ ખેતરનો મિજાજ જોઈને ન લાગે કોઈને થાક.
એકબીજાની સાથે મળી ઉજવાય ઉત્સવ તહેવાર.
ન કોઈ જાતિ ન કોઈ ધર્મ ન કોઈ ભેદભાવ.
સાત રંગોથી રંગાયેલી હતી મારી કાયા.
બગાડી દીધી દુનિયાએ લાવીને મોહમાયા.
સોળે શણગાર સજેલું રૂપ મારું વિચારું.
હાલમાં એને જોઈને દુ:ખી થાય મન બિચારું.
ક્યારે પાછું મળશે મારું રૂપ એ વિચારું.
“શુક” કહે આ વાતને હું જ પહેલાં વિચારું.
જિજ્ઞાસા યુ જોષી “શુક”

---

**NOG SS No :- 0054**
વિભાગ - પદ્ય
શીર્ષક : ઓ જગનાં કોહિનૂર!
વિષય : પ્રાણ પ્રકૃતિ પ્રશંસા ટેવ કુટેવ
વંદન કરું હું પ્રેમથી હે કોરોનાના! સાચા લડવૈયા,
આજે તમે જ બન્યાં છો, આખા જગતનાં ઘડવૈયા.
નથી ચિંતા કરતા તમારી કે તુજ પરિવારની ઓ જવાન વીર,
પ્રકૃતિનાં ખોળે દિનરાત ઊભા રહી બદલો છો લોકોની કુટેવ.
આજ ઘણા બંધ પડ્યા છે મંદિરો, ને તુજમાં દેખાય ભગવાન,
દિનરાત ખડે પગ ઊભા રહીને જોખમમાં મૂકો છો તમે પ્રાણ.
ઘણાં જોયા છે અમે આજ ફિલ્મી હીરો, સુપરસ્ટાર ને ક્રિકેટરો,
પ્રશંસા કરીએ એટલી ઓછી પડે, તમારી ઓ જગનાં કોહિનૂર.
વિજ્ઞાન ને સાધુ સંતો પણ થઈ ગયા છે કોરોના પર સાવ લાચાર,
પણ, પોતાની પરવાહ કર્યા વગર બીજાનો કર્યો છે તમે વિચાર.
કદીએ પણ નહી ભૂલીએ અમે તમારા આ નિઃસ્વાર્થ ઉપકાર,
આજ ચારેકોરથી વાગી રહ્યાં છે ભાઈ જુઓને કોરાનાં વાર.
સપના શાહ હની,ગોધરા

---

**NOG SS No :- 0038**
વિચાગ :- પદ્ય
શીર્ષક :- પ્રકૃતિ
થવા ગયો હોશિયાર માનવી આજનો,
નિયમ કુદરતનો ભૂલતો ગયો...!
શોધ્યા નવાનવા સાધન માનવીએ,
એની જાળમાં એ ફસાતો ગયો....!
ખોરવાઈ આજે ઋતુઓ કુદરતની,
નવાંનવાં રોગમાં સપડાતો ગયો....!
કરવાં ગયો બરાબરી કુદરતની,
જેણે બનાવ્યો એને બનાવા ગયો...!
પ્રદૂષિત કરી પ્રકૃતિ માનવે,
પ્રકૃતિને નુકશાન કરતો ગયો...!
વરસી પડે વરસાદ ભર ઉનાળે,
ખેડૂત લાચાર બની જોતો રહ્યો....!
વાવો વૃક્ષ ને કરો પ્રેમ પ્રકૃતિને,
બચાવવા જિંદગી પ્રકૃતિને પ્રેમ કરવોજ રહ્યો...!
શીલા પટેલ "આકાંક્ષા"

---

**NOG SS NO.0092**
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- ટેવ-કુટેવ
જોને! મને ભૂલી જવાની તને કેવી ટેવ છે
ને તારી સાથે વિતાવેલી દરેક પળોને,
વાગોળવાની મને કુટેવ છે.
કદીક મારા શબ્દોથી ઘાયલ થઈ, નારાજ થવાની તારી ટેવ છે
ને બીજી જ પળે, તને મનાવી લેવાની મારી કુટેવ છે.
હજું તો સહવાસનો આનંદ માણું ત્યાં,
તો દૂર ચાલ્યા જવાની તારી ટેવ છે,
ને નિત સ્મરણોમાં બોલાવી બસ! તારી જ સાથે રહેવાની મને કુટેવ છે.
પ્રીતની અભિવ્યક્તિને બદલે, મૌન રહેવું એ તારી ટેવ છે,
ને અસ્તિત્વનાં કણે-કણમાંથી પ્રીતના સંદેશા મોકલવાની મને કુટેવ છે.
અલકા મહેતા/ ગાંધીનગર

---

**NOG SS No - 0068**
વિભાગ - પદ્ય
શબ્દ - પ્રાણ
શીર્ષક - એવું મને લાગે છે!
મારા પ્રાણ, તમારી સાથે મારું નસીબ જોડાયેલ છે એવું મને લાગે છે,
એમ તો હતી અજનબી પણ આજે ઓળખાણ હોય એવું મને લાગે છે.
મારા પ્રાણ, દરેક સફળ કામમાં તમારો સાથ હોય એવું મને લાગે છે,
આજે હું કંઈ પણ છું તો તમારા લીધે એવું મને લાગે છે.
મારા પ્રાણ, તમને મળ્યા પછી હાલ બેહાલ છે એવું મને લાગે છે,
ખરેખર ચેન તો તમારા દિલને પણ નહિ હોય એવું મને લાગે છે.
મારા પ્રાણ, ગઝલમાં કાફિયા ને શબ્દોની માયાજાળ હોય એવું મને લાગે છે,
અડવાંના ના હો અહેસાસને તો શબ્દોથી રમવું પડશે એવું મને લાગે છે.

મારા પ્રાણ, મારી લાગણીઓને મારાથી વધુ સમજો છો એવું મને લાગે છે,
તમે દૂર છો પણ સદા સાથે જ છો એવું મને લાગે છે.
કહે "ચાંદ" મારા પ્રાણને લખતાં લખતાં હું એમની જ દીવાની થઈ ગઈ,
જેટલી કવિતાઓ લખું એમનાં પર એટલી ઓછી છે એવું મને લાગે છે.
નાથબાવા ચાંદની સોમનાથ "ચાંદ"
માંડવી કચ્છ

---

**NOG સાહિત્ય સરિતા (૧)**
**NOG S.S.No.0059**
શબ્દઃ-પ્રાણ,પર્કૃતિ-ટેવ-કુટેવ,પ્રશંસા.
વિભાગઃ- હાઈકુ.
શિર્ષક :-’શબ્દો ત્રણ સોનાના’ .
હારેલી બાજી જીતાઈ શબ્દોથી પ્યારે’ પ્રશંસા.
મને તમને ગમે સૌને શબ્દ કહે શાબાશ.
વ્હાલી સૌની હોય સાચી કે ખોટી હોય પ્રશંસા.
બધા નારાજ હોય જો મારામાં તે ટેવ કુટેવો. જાઈ નક્કી મૃત્યું સાથેજ તે પ્રાણ પ્રકૃતિ.
ટેવ કુટેવ સાથે પ્રાણ પ્રકૃતિ છૂટે મરણે.
હારે કે જીતે વાપરો શબ્દો ત્રણકરો પ્રશંસા. નથી ગમતી કદી સજ્જનનેખોટી પ્રશંસા.
જયકાન્ત એસ ઘેલાણી. ’ પ્યારે’.

## કિસાન આંદોલન યા દેશવિરોધી ષડ્યંત્ર આ વિષય પર વિશેષ પરિસંવાદ
# આ 'કિસાન આંદોલન નહીં પણ દેશવિરોધમાં એક 'યુદ્ધ !: શ્રી. સુરેશ ચવ્હાણકે

રસ?તા પર ઉતરીને ખેડૂતો માટે આંદોલન કરવામાં આવ?યું અને સરકાર, પોલીસ પણ કાંઈ જ કરી શક્યા નહીં. ન્યાયાલયે પણ માત્ર પર્યવેક્ષક મોકલાવીને બધું પોલીસ પર છોડી દીધું અને પોલીસ પણ પ્રતિકાર કરી શકી નહીં. આ આંદોલનમાં તલવાર અને અન?ય હથિયારોનો ઉપયોગ કરવામાં આવ?યો, દેશવિરોધી ઘોષણાબાજી કરવામાં આવી. આ આંદોલન નહીં, જ?યારે દેશના વિરોધમાં એક યુદ્ધ પોકારવામાં આવ્યું છે. આને યુદ્ધ કહેવાને બદલે 'લોકતાંત્રિક આંદોલન' કહેવામાં આવ?યું છે ! આ આંદોલનમાં એવું શું ન થયું, કે જેને આપણે અનૈતિક અને કાયદાના વિરોધમાં છે, એમ કહીએ ? પરંતુ તેમાં સહભાગી થયેલાઓએ તેને કાયદાની ચોકટમાં બેસાડ્યું છે. સદર આંદોલન દ્વારા દેશમાંના લોકતંત્રનો દુરુપયોગ કરવામાં આવ?યો છે, એવું સ?પષ?ટ પ્રતિપાદન સુદર્શન વાહિનીના મુખ?ય સંપાદક અને અધ?યક્ષ શ્રી. સુરેશ ચવ?હાણકેએ કર્યું. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી 'ચર્ચા હિંદુ રાષ?ટ્ર કી' આ કાર્યક્રમ અંતર્ગત 'કિસાન આંદોલન યા દેશવિરોધી ષડ્?યંત્ર ?', આ વિશેષ પરિસંવાદમાં બોલી રહ્યા હતા. આ કાર્યક્રમ 'યુ ટ્યૂબ લાઈવ' અને 'ફેસબુક'ના માધ?યમો દ્વારા ૩૪૦૦૦ લોકોએ નિહાળ્યો.

પ્રસિદ્ધ લેખિકા અને 'માનુષી' માસિકનાં સંપાદિકા પ્રા. મધુ પૂર્ણિમા કિશ્વરે આ સમયે કહ્યું, 'દેશ સ?વતંત્ર થયા પછી હજી સુધી વિવિધ સરકારોએ તેમજ અહીંના સમાજે વામપંથી, ઈસ?લામી જૂથ અને આ લોકોને પૈસો પૂરો પાડનારી વિદેશી સંસ?થાઓને જોઈએ તેવા કાયદાઓ કરવાની છડેચોક છૂટ આપી. તેમની અનુમતિ સિવાય કોઈપણ નવો કાયદો થશે નહીં, એવી હવે તેમને ટેવ પડી ગઈ છે. કાયદામંત્રાલયની પણ તેમના વિરોધમાં જવાની હિંમત નથી, એવું ખેદપૂર્વક કહેવું પડે છે. આનાથી ઊલટું ભારત આ હિંદુ બહુમતિ ધરાવનારો દેશ હોવા છતાં પણ સરકાર પણ હિંદુઓના વિરોધમાં વર્તાવ કરે છે, આ બાબત અનેક ઉદાહરણો પરથી સ?પષ?ટ થઈ છે. વર્તમાનમાં જન?મથી હિંદુ રહેલા નેતા જ દેશમાં હિંદુઓના વિરોધમાં ઝેર અને સમાજમાં વિષમતા ફેલાવી રહ્યા છે. જો આ પ્રમાણે ચાલુ જ રહે, તો કેટલો સમય આપણો હિંદુ સમાજ ટકી રહેશે ?'

હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ?ટ્રીય પ્રવક્તા શ્રી. રમેશ શિંદેએ આ સમયે કહ્યું, 'ખેડૂતોના આંદોલન સમયે જે કાંઈ બન?યું, તે વિશેની વાસ્તવિકતા જોતાં આ સંકટનો પગરવ નહીં પણ સંકટ જ દેશની રાજધાનીમાં તે પણ પ્રજાસત્તાક દિને સર્વ સીમાઓ પાર કરીને આપણું બારણું ખખડાવી રહ્યું છે. આ ખેડૂતોના આંદોલનમાં ખલિસ?તાનવાદીઓના પુસ?તકોની, દારૂની વહેંચણી કરવામાં આવી. આ બધું કોણ પૂરું પાડી રહ્યું છે ? આપણે ત?યાં સર્વ યંત્રણાઓ હોવા છતાં પણ બધું પતી જાય પછી શા માટે ધ?યાનમાં આવે છે ? ખેડૂતોના આંદોલન વિશે ખેડૂતો જ બોલશે, એવો પ્રચાર વર્તમાનમાં કેટલાક રાજકીય ખાસ કરીને વામપંથી નેતાઓ અને કહેવાતા વિચારવંતો દ્વારા કરવામાં આવી રહ્યો છે. શું આ લોકો ખેડૂતો છે ખરાં ? તો પછી હિંદુત?વને ન માનનારા આ નેતાઓ, વિચારવંત હિંદુઓ વિશે શા માટે બોલે છે ? દેશમાં ચાલુ રહેલા ખોટા પ્રચારતંત્ર વિશે હિંદુ સમાજને જાગૃત કરવાની આવશ?યકતા છે. હિંદુ રાષ્ટ્રની વિચારધારા સર્વ પ્રશ્નોનો ઉત્તર છે, આ વાત ધ?યાનમાં લેવી જોઈએ'.

આગ્રા ખાતેના 'ઈંડિક એકેડેમી'ના સમન્વયક શ્રી. વિકાસ સારસ?વતે આ સમયે કહ્યું, 'વર્તમાનમાં ચાલુ રહેલું કિસાન આંદોલન આ આંદોલનના નામ હેઠળ 'આંદોલન' થઈ રહ્યું છે. 'સીએએ-એનર્આસી'ની જેમ કોઈપણ વિશિષ?ટ મુદ્દો હોવાનો બદલે પથ?થરબાજી, પોલીસોને મારઝૂડ તેમજ દેશની સંપત્તિની હાનિ કરીને સદર આંદોલન કરવામાં આવ્યું. ૨૬ જાન?યુઆરીના દિવસે તેમણે કરેલું આંદોલન આ 'વિદ્રોહ' નહીં, જ્યારે 'રાજદ્રોહ' હતો. જે જૂથો આંદોલનમાં સહભાગી થયા છે, તેમનો જુદા કારણોસર ઉપયોગ કરી લેવામાં આવી રહ્યો છે, આ દુર્ભાગ્ય છે.'

શ્રી. રમેશ શિંદે,રાષ્ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ

# પોલીસ કોન્સ્ટેબલ પર જીવલેણ હુમલો કરનાર ડોડીસરાનો હુમલાખોર શખ્સ ઝડપાયો



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં પોલીસે જ પોષીને મોટા કરેલા બુટલેગરો બેફામ બન્યા હતા અને પોલીસ પર જ હુમલો કરી ખાખી પર ભારે પડી રહ્યા છે ત્યારે એસપી સંજય ખરાતના આગમન પછી બુટલેગરો સામે શસ્ત્ર કાર્યવાહીના પગલે ફાટીને ધુમાડે ગયેલા અને કાયદાનો કોઈ ડર જ ન હોય તેવા બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા છે ભિલોડા પીઆઈ તરીકે ચાર્જ સંભાળતાની સાથે પીઆઈ મનીષ વસાવાએ બુટલેગરો પર તવાઈ બોલાવી છે ભિલોડા પોલીસે પોલીસ પર હુમલો કરનાર અને અપહરણના ગુન્હામાં ફરાર ડોડીસરાના કુખ્યાત અને માથાભારે બુટલેગર સૂકા ડુંડના સાગરીત રાકેશ ઉર્ફે કાળું બાબુભાઇ ડુંડને દબોચી લીધો હતો

અરવલ્લી પેરોલ ફર્લો પીએસઆઈ કે એસ સીસોદીયા અને તેમની ટીમે અંકલેશ્વર શહેરમાં ૮ વર્ષ અગાઉ લૂંટના ગુન્હામાં સંડોવાયેલા અને નાસતા-ફરતા આરોપીને મોડાસાના સર્વોદયનગર (ડુંગરી) વિસ્તારમાંથી તેના ઘરેથી ઝડપી પાડી મોડાસા ટાઉન પોલીસને સોંપી દીધો હતો

ભિલોડા પોલીસસ્ટેશનમાં પ્રોહિબિશન ગુન્હાનો આરોપી અમદાવાદના અમરાઈવાડી વિસ્તારની ચાલીમાં રહેતો દશરથ ઉર્ફે પીંખિયો શ્રીરામ પ્રજાપતિ હાલ રાજકોટ મધ્યસ્થ જેલમાં પાસા હેઠળ હોવાથી આ અંગે ઘટતી કાર્યવાહી કરવા ભિલોડા પોલીસને જાણ કરી હતી

**પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા થીયરીની સાથોસાથ પ્રેક્ટીકલ નિદર્શન દ્વારા અપાયેલું વિસ્તૃત માર્ગદર્શન**

# રાજપીપલાના આંબેડકર હોલ ખાતે ચૂંટણી અધિકારી,મદદનીશ ચૂંટણી અધિકારી અને ચૂંટણી સાથે સંકળાયેલ અધિકારીઓને ચૂંટણીલક્ષી ફરજ માટે તાલીમ અપાઇ

રાજપીપલા,તા ૨

નર્મદા જિલ્લામાં આગામી તા.૨૮ મી ફેબ્રુઆરી ના રોજ યોજાનારી જિલ્લા પંચાયત તાલુકા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે મતદાનની કામગીરી સુનિશ્ચિત રીતે સુપેરે પાર પડે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર ડી.એ.શાહનાં માર્ગદર્શન હેઠળ ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સાથે સંકળાયેલા ચૂંટણી અધિકારી મદદનીશ ચૂંટણી અધિકારી અને ચૂંટણી સાથે સંકળાયેલ અન્ય સ્ટાફ સહિત કુલ-૭૦ જેટલાં અધિકારીઓને તેમની ફરજના ભાગરૂપે તબક્કાવાર તાલીમી આયોજન અન્વયે આજે રાજપીપલા આંબેડકર હોલ ખાતે ઇન્ચાર્જ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર એચ.કે.વ્યાસની ઉપસ્થિતિમાં તાલીમ યોજાઇ હતી.

નાંદોદના પ્રાંત અધિકારી કે.ડી.ભગતે ઉક્ત તાલીમમાં મતદાનનાં દિવસે સમયસર કરવાની થતી કામગીરી અંગેનું વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ઉક્ત તાલીમવર્ગમાં પ્રિ-પોલ, પોલ-ડે અને આફટર પોલ, EVM, VVPAT, રિસીવીંગ-ડિસ્પેચીંગ સહિતની તબક્કાવાર તમામ પ્રકારની કામગીરી અંગે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જરૂરી જાણકારી સાથે સમજ અપાઇ હતી. તદ્ઉપરાંત તમામને EVM, VVPAT અંગે હેન્ડસ ઓન ચૂંટણીલક્ષી કામગીરી સબબ જાણકારી સાથે પ્રત્યક્ષ પ્રેક્ટીકલ નિદર્શન દ્વારા વિસ્તૃત માર્ગદર્શન પણ પુરૂ પડાયું હતું. આ ચૂંટણીમાં મતદાન વખતે મતદારે ફોટો વોટર સ્લીપની સાથોસાથ ચૂંટણીપંચે સૂચવેલ વૈકલ્પિક દસ્તાવેજી પુરાવાઓ પૈકી કોઇ એક પુરાવો પણ હવે રજૂ કરવાનો રહેશે તેની પણ સમજ અપાઇ હતી.

તાલીમ વર્ગમાં સુપરવાઇઝરી કામગીરી બાબતે ચોકસાઇ અને સચોટતાની સાથે મતદાનની કામગીરી સરળ બની રહે તે માટે મતદાન મથકના ફરજ પરના અધિકારીઓ-કર્મચારીઓ માટે જુદા જુદા વૈધાનિક ફોર્મની વિગતો ભરવા ઉપરાંત રજીસ્ટરમાં



તેની નોંધણી, મોકપોલ, મતદાન પ્રક્રિયા, પૂર્ણ થયા બાદ EVM મશીન VVPAT, સીલ કરીને તેના ડિસ્પેચીંગ સુધીની તમામ બાબતો અંગે તાલીમાર્થીઓને જરૂરી માર્ગદર્શન પુરૂ પડાયું હતું.

આતાલીમમાં ચૂંટણીના માસ્ટર ટ્રેનર સુરેન્દ્રકુમાર ચંદુભાઇ ગામીતે EVM, VVPAT ના પ્રત્યક્ષ પ્રેક્ટીકલ નિદર્શન દ્વારા વિસ્તૃત માર્ગદર્શન પણ પુરૂ પડાયું હતું.

તસવીરઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

**અકસ્માત સ્થળેથી મળેલ સોનાની ચેન માલપુર પોલીસકર્મીએ ઈજાગ્રસ્તને પરત કરી**

# અરવલ્લી પોલીસે તમારી સલામતી અમારું કર્તવ્ય સૂત્ર સાર્થક કર્યું

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી પોલીસ સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી રહી છે. જેની પ્રતીતિ કરાવતા અનેક કિસ્સાઓ અને પ્રસંગો જીલ્લા પોલીસતંત્રમાં જોવા મળ્યા છે માલપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા દિનેશભાઇ કલાભાઇ નામના પોલીસકર્મીને ત્રણ મહિના અગાઉ સાતરડા નજીક અકસ્માત સ્થળેથી દોઢ તોલાની સોનાની ચેન મળી હતી અકસ્માતમાં ઈજાગ્રસ્ત બનેલ યુવક સારવાર કરાવી માલપુર પોલીસ સ્ટેશન પહોંચતા યુવકને સોનાની ચેન પોલીસકર્મીએ પરત કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડી માનવતા મહેકાવી હતી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે પોલીસકર્મીની પ્રામાણિકતાની સરાહના કરી હતી માલપુર



પીઆઈ એફ એલ રાઠોડે પણ પોલીસકર્મીની પીઠ થાબડી હતી

બાયડની વલ્લભનગર સોસાયટીમાં રહેતા શ્રીકાંતભાઈ રઘુનાથપ્રસાદ પરીખ ત્રણ મહિના અગાઉ બાઈક લઈને કામકાજ અર્થે નીકળ્યા હતા માલપુરના સાતરડા ગામની સીમમાં તેમની બાઈક અન્ય બાઈક સાથે ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં શ્રીકાંતભાઈ ના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અકસ્માતની ઘટનામાં શ્રીકાંતભાઈની સોનાની ૧૫ ગ્રામની ચેન તૂટી અકસ્માત સ્થળે પડી ગઈ હતી અકસ્માતની ઘટનાના પગલે માલપુર પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડી દીધા હતા અકસ્માતના સ્થળેથી દિનેશભાઇ નામના પોલીસકર્મીને દોઢ તોલાની સોનાની ચેન મળી આવી હતી સોનાની ચેન માલપુર પોલીસ સ્ટેશન સુપ્રત કરી હતી અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત શ્રીકાંતભાઈ સારું થઇ જતા સોમવારે માલપુર પોલીસસ્ટેશન પહોંચતા પોલીસકર્મીએ સોનાની ચેન પરત આપતાં શ્રીકાંત ભાઈ પરીખે પોલીસકર્મી અને માલપુર પોલીસની સરહાન કરી આભાર વ્યક્ત કર્યો હતો

# દાંતીવાડામાં પ્રથમવાર ચાર બિનવારસી હાથી મળી આવતા,વન વિભાગ કબ્જો મેળવ્યો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

દાંતીવાડા પંથકમાંથી ૪ હાથી બિનવારસી હાલતમાં મળી આવતાં દોડધામ મચી ગઇ છે.વહેલી સવારે ગામની સીમમાં અચાનક ૪ હાથી મળી આવતાં સ્થાનિકોએ તાત્કાલિક વનવિભાગને જાણ કરી હતી. જેને લઇ દાંતીવાડા રેન્જ કચેરીએ દોડી આવી હાથી ક્યાંથી આવ્યા તેની તપાસ શરૂ કરી છે.પ્રાથમિક તપાસમાં અજાણ્યાં માલિકોથી ચારેય માદા હાથી છુટાં પડ્યાં હોવાની આશંકા બની છે. ગામની સીમમાંથી હાથી મળ્યાં હોવાની વાત વાયુવેગે પ્રસરી જતાં લોકોના ટોળાં એકત્ર થઇ ગયા હતા.

ઉત્તર ગુજરાતમાં સૌપ્રથમવાર એકસાથે ૪ માદા હાથી તદ્દન બિનવારસી હાલતમાં મળી આવ્યાની મોટી ઘટના સામે આવી છે. બનાસકાંઠા જીલ્લાના દાંતીવાડા તાલુકાના સાતસણ ગામની સીમમાં આજે વહેલી સવારે ૪ હાથી મળી આવતાં લોકોમાં કૃતુહલ સર્જાયુ હતુ. જેને લઇ સ્થાનિક લોકોએ વનવિભાગને જાણ કરતાં દાંતીવાડા રેન્જ કચેરીએ દોડી આવી ચારેય માદા હાથીનો કબ્જો લઇ તેમને પાણી અને ખોરાક આપી ગામમાં જ સુરક્ષિત સ્થળે ખસેડ્યા છે. જોકે આ સાથે ચારેય હાથી સંપુર્ણ તંદુરસ્ત અને સુરક્ષિત રહ્યા હોઇ વનવિભાગે રાહતનો દમ લીધો હતો.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, જો વનવિભાગ દ્વારા હાથીના માલિકોની શોધખોળ હાથ ધરી છે. માદા હાથીના માલિકો નહી મળે તો સંબંધિત જંગલ વિસ્તારમાં છોડવામાં આવી શકે છે. વન વિભાગના સુત્રો મુજબ જીલ્લા વન અધિકારીની સુચના મુજબ બનાસકાંઠા જીલ્લામાં અથવા જીલ્લા બહાર ચારેય માદા હાથીને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી શકે છે. પ્રાથમિક તપાસમાં પંથકના કોઇ માલિકોથી ચારેય માદા હાથી છુટાં પડ્યાં હોવાની આશંકા બની છે

# રાજપીપળા નજીક મોવી થી રાજપીપળા વચ્ચે માંડણ ગામના વળાંક પાસે વિદેશી દારૂ ભરેલી કારને અકસ્માતનો નડ્યો



રાજપીપળા

રાજપીપળા નજીક મોવી થી રાજપીપળા વચ્ચે માંડલ ગામના વળાંક પાસે ગેરકાયદેસર વગર પાસ પરમીટે નો દારૂ ભરેલી કારને અકસ્માત નડ્યો હતો.પોલીસે કારની ઝડતી લઇ તપાસ કરતા તેમાંથી રૂ.૧૨૯૫૭૫/-ની કિંમતનો દારૂ રાજપીપળા પોલીસને મળી આવ્યો હતો. દારૂ ભરેલી આઈ ૧૦ કારનો અકસ્માત કરી મુદ્દામાલ છોડીને આરોપીઓ નાસી છૂટતા રાજપીપરા પોલીસે ઘટના સ્થળેથી પોલીસે ઈંગ્લિશ દારૂ ના હોય ૧૫૮ કી.રૂ. ૧૨૯૫૭૫/- ના મુદામાલ તથા બે લાખની કાર સહિત કી.રૂ.૩૨૯૫૭૫/-નો કુલ મુદામાલ ઝડપી ફરાર બંને આરોપીઓને પણ પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે રાજપીપળા પોલીસ મથકમાં ફરિયાદી અહેકો ચપકભાઈ ફતેસીંગભાઈએ આરોપી સોનુભાઈ ઉર્ફે સરદાર મહેન્દ્રસિંગ રાઠોડ, અશોક છોડીપ્રસાદ ગુપ્તા બંને (રહે,અમદાવાદ) સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગત મુજબ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં પોતાના કબજાની હોન્ડાઈ કંપનીની આઈ ૧૦ ગાડી રજીસ્ટર નંબર જીજે ૦૧ આરજે ૧૨૫૦ ગેરકાયદેસર વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂ ના હોલ નંગ ૧૫૮ કિં.રૂ.૧૨૯૫૭૫/- ના મુદ્દામાલ ની હેરાફેરી કરતા હતા તે વખતે મોવી થી રાજપીપળા વચ્ચે માંડણ નજીક રોડના વળાંકમાં અકસ્માત કરી નાસી છૂટયા હતા. પોલીસે કુલ કિં. રૂ.૧૨૯૫૭૫ /- તથા આઈ ૧૦ ગાડી ની કિં. રૂ.૨૦૦૦૦૦/- નો મુદ્દામાલ મળીની કિં. રૂ. ૩૨૯૫૭૫/- નો મુદ્દામાલ ઝડપી આરોપીઓ સોનુ ઉર્ફે સરદાર મહેન્દ્રસિંગ રાઠોડ, અશોક છોડીપ્રસાદ ગુપ્તા બંને (રહે,અમદાવાદ) અને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

**તાલુકા પંચાયતથી લઇને મુખ્યમંત્રી સુધી રજૂઆતો કરવા છતાં પણ પરિણામ શૂન્ય**

# પાલનપુરના સલ્લા ગામે વિધવા મહિલાની ઓરડી પાડવા બાબતે વકરી રહેલા વિવાદનો અંત ક્યારે



તાજેતરમાં બનાસકાંઠા જિલ્લાના વડુમથક પાલનપુર તાલુકાના સલ્લા ગામે છેલ્લા ૪૦ વર્ષથી ભોગવટો કરતી વિધવા મહિલા ચાની કીટલી ચલાવી પોતાનું ગુજરાન ચલાવતી હતી ત્યારે ગ્રામ પંચાયતના સરપંચ તલાટી અને મળતીયાઓ દ્વારા પોતાની અંગત અદાવત રાખી ગામના અન્ય દબાણ દૂર કરવાને બદલે આ વિધવા મહિલા ઓરડી બનાવી ચાની કીટલી ચલાવતી હતી તે ઓરડી તોડી પાડતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે...

જ્યારે વિધવા મહિલા દ્વારા મુખ્યમંત્રી કાર્યાલય માં રજૂઆત કરતા આખરે મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા પાલનપુર તાલુકા વિકાસ અધિકારીને તપાસના આદેશો બાબતે નોટીસ ફટકારવામાં આવી હતી ત્યારે પાલનપુર તાલુકા વિકાસ અધિકારી દ્વારા તારીખ ૬- ૧- ૨૦૨૧ના રોજ સલ્લા ગ્રામ પંચાયતને લેખિતમાં આ દબાણ બાબતે નોટીસ ફટકારી સમસ્યાનો હલ લાવવા બાબતે લેખિતમાં જાણ કરવામાં આવી હતી ત્યારે ઘણા બધા દિવસો વીતી ગયા હોવા છતાં પણ સલ્લા ગ્રામ પંચાયત મુખ્યમંત્રી કાર્યાલયના અને પાલનપુર તાલુકા વિકાસ અધિકારીના આદેશને ઘોળીને પી ગઈ હોય તેવું લાગી રહ્યું છે ત્યારે સલ્લા ગ્રામ પંચાયત માં અનેક લોકો દ્વારા ગ્રામ પંચાયત માં આવેલ જમીનમાં દબાણ કરી પાકા મકાન બનાવવામાં આવેલા છે ત્યારે આ દબાણ બાબતે કોઈપણ પ્રકારની કાર્યવાહી ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવતી નથી અને આ વિધવા મહિલાની ઓરડી તોડી પાડતા વિધવા મહિલાની રોજીરોટી છીનવી લેનાર આવા સરપંચ અને તલાટી સામે બનાસકાંઠા જિલ્લા કલેકટર દ્વારા કાયદેસરના પગલાં ભરી અને કાયદાના પાઠ ભણાવવામાં આવે તેવી સ્થાનિક લોકોમાં માંગ ઉઠવા પામી છે .....

**રાજપીપળા જૈનમંદિરમાં જૈન ભક્તો દ્વારા**

# સુમતિનાથદાદાની સાલગીરી ભારે શ્રધ્ધા અને ભકિતભાવ પૂર્વક ઉજવાઇ

રાજપીપળા,

નર્મદાના વડા મથક રાજપીપળા દરબાર રોડ પર આવેલ જૈનમંદિરમા ૨જી ફેબ્રુઆરીએ આજે સુમતિનાથદાદાની સાલગીરીની ઉજવણીનો ભવ્ય ધાર્મિક કાર્યક્રમ ભારે શ્રધ્ધા અને ભક્તિભાવ પૂર્વક આયોજન કરવામા આવ્યુ હતુ. કોરોનાના લાંબા સમય બાદ ગાઇડ લાઇન પ્રમાણે ધાર્મિક કાર્યક્રમની ઉજવણી કરાતા આજેન નમંદિરે ન ભક્તો ઉમટી પડયા હતા.જેમા મંદિર ઉપર શણગારેલ ૭ ફૂટ લાંબી દ્વારોહણ કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યુ હતો. જેમા લાભાર્થી પાસરમલ ભીમરાજ ઓસ્વાલા સંનદીપ ક્લોથ સ્ટોરવાળા) તરફથી ધજાનો લાભ લેવાયો હતો. જેમાર ૧ પોષવદ ૫ મંગળવાર સવારે ૬.૩૦ કલાકે પ્રભાતીયા ગવાયા હતા.જેમા સુમતિ મંડળ સામાયીક મંડળ સંઘની બહેનો ખાસ ઉપસ્થિત રહી હતી. સવારે૭ ૧૫ કલાકે પક્ષાલ. ચઢાવા બોલવામાં આવ્યો હતો ધ્વજ ૧૨.૩૯ના વિજયમુહૂત પર ચઢાવાઇ હતી. સતરભેદી પૂજા દરમ્યાન વજા ઉત્તસગરમપ દાદાની ચાદીની આંગીના ચઢાવતા તથા અન્ય ચઢાવા બોલાવવામાં આવ્યા હતા. દાદાની સાલગીરી પ્રસંગે બુંદીના લાડુની પ્રસાદનું વિતરણ કરાયુ હતુવડોદરાથી ખાસ પધારેલ સંગીતકાર અમિતભાઇ શાહ દ્વારા સંગીતનો કાર્યક્રમ પણ રાખવામા આવ્યો હતા

# શામળાજી પોલીસે કાર માંથી ૪૪ બોટલ અને પીકઅપ ડાલામાંથી ૨.૫૬ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા એસપી સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ અને હેરાફેરી નાથવામાં મહદંશે સફળ રહ્યા છે બુટલેગરો અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી વિદેશી દારૂ ઠાલવવા સતત નિતનવા નુસ્ખા અપનાવી રહ્યા છે

શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાંથી કારમાં ગુપ્તખાનું બનાવી ઘુસાડાતો ૩૧ હજારથી વધુનો અને પીકઅપ ડાલામાં વટાણાની આડમાં સંતાડીને લવાતો ૨.૫૬ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી બે શખ્સોની ધરપકડ કરી દારૂની ખેપ નિષ્ફળ બનાવી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. અરવલ્લી એલસીબી પીઆઈ આર કે પરમાર અને તેમની ટીમ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ કરી રહી હતી ત્યારે લીભોઇ નજીક સ્વીફ્ટ કારમાં વિદેશી દારૂની ખેપ થઇ રહી હોવાની બાતમી મળતા એલસીબી પોલીસે લીંભોઇ તળાવ નજીક નાકાબંધી કરી બાતમી આધારીત સ્વીફ્ટ કાર આવી પહોંચતા પોલીસે અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂ-બિયર અને ક્વાંટરીયા નંગ-૫૭૨ કી.રૂ.૯૭૬૦૦/- નો જથ્થો જપ્ત કરી કાર ચાલક સુમીત હરીશચંદ્ર મીણા (રહે,ખેરવાડા-રાજ)ની ધરપકડ કરી વિદેશી દારૂ,કાર મળી કુલ.રૂ.૨૯૭૬૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી .શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીગ હાથધરતાં શંકાસ્પદ ઝડપ સાથે આવી રહેલી ઈટીયોસ કારને અટકાવી તલાસી લેતા કારના દરવાજાના પડખામાં ગુપ્તખાનામાં સંતાડી રાખેલ વિદેશી દારૂની બોટલ નંગ-૪૪ કી.રૂ.૩૧૩૦૦/- નો દારૂ જપ્ત કરી હિંમતનગર ગઢોડના બુટલેગર મણીલાલ દેવાભાઇ ડામોરને ઝડપી પાડી કાર અને દારૂ મળી કુલ રૂ.૨૩૧૩૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી કારમાં વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થાન કણબઈના ઠેકેદાર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી .

શામળાજી પોલીસે કારમાંથી વિદેશી દારૂ ઝડપી ગણતરી કરી રહી હતી ત્યારે પીકઅપ ડાલામાં વટાણાની આડમાં વિદેશી દારૂની ખેપ થઇ રહી હોવાની બાતમી મળતા શામળાજી પોલીસ સતર્ક બની હતી રાજસ્થાન તરફથી પીકઅપ ડાલું આવતા પોલીસે અટકાવી પીકઅપ ડાલામાંવટાણાના કોથળા હટાવતા પાછળ વિદેશી દારૂની પેટી નંગ-૮૯ કી.રૂ.૨૫૬૩૨૦/- મળી આવતા પીકઅપ ડાલાના ચાલક કૈલાશચંદ્ર હજારીજી માળી (રહે,દોલપુરા-રાજસ્થાન)ની ધરપકડ કરી પીકઅપ ડાલુ,મોબાઈલ,દારૂ મળી કુલ.રૂ.૪૫૮૬૨૦/-નો મુદ્દામાલ કબ્જે કરી પીકઅપ ડાલામાં વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થનના શિવપાલ પન્નાલાલ માળી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા


# અભિનંદન



**અમારી સુપુત્રી ડો.જ્યોતિ પંકજકુમાર દવે ની IITE.ઇન્ડિયન ટીચર્સ એજ્યુકેશન ગાંધીનગર ખાતે આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ની નિમણુક થતાં અમો પરિવાર ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી મહાદેવ ને પ્રાર્થના કરીએ છીએ.**

**સ્વ.મહેન્દ્રકુમાર ચુનીલાલ દવે**
**પંકજ મહેન્દ્રકુમાર દવે**
**મૌલિક પંકજકુમાર દવે**
**સ્વ.જયેશ મહેન્દ્રકુમાર દવે**

**સ્વ.જશવંતીબેન મહેન્દ્રકુમાર દવ**
**ઉષાબેન પંકજકુમાર દવે**
**દિપીકાબેન મૌલિક કુમાર દવ**
**કરમણ મૌલિક કુમાર દવે**


**૯૫.૭૮ ટકા સિધ્ધિ હાંસલ**

# નર્મદા જિલ્લામાં પોલીયો રસીકરણ અભિયાન હેઠળ ૪૭,૬૨૪ ભૂલકાંઓને પોલીયોના ટીપાં પીવડાવાયા

રાજપીપલા,તા ૨

પ્રતિવર્ષ ની જેમ ચાલુ વર્ષે પણ પોલિયો રસીકરણ અભિયાન-૨૦૨૧ અંતર્ગત બાળકો પોલીયોથી મુક્ત રહે તે માટે ગઇકાલે નર્મદા જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા ૦ થી ૫ વર્ષની વયના બાળકોને સમગ્ર જિલ્લામાં ૩૭૬ જેટલાં પોલીયોના બુથો મારફત પોલીયોના ટીપા પીવડાવવામાં આવ્યાં હતા.

અત્રે એ ઉલ્લેખનિય છે કે,૦ થી ૫ વર્ષની વયના જિલ્લામાં કુલ ૪૯,૭૨૩ ના લક્ષ્યાંક સામે ૪૭,૬૨૪ બાળકોને (૯૫.૭૮ ટકા) પોલીયો રસીકરણ કરવામાં આવ્યું છે, જેમાં ૩ ટ્રાન્ઝિટ પોઈન્ટ, ૨ મેળાની જગ્યા, મોબાઈલ ટીમ-૧૨ તેમજ ૩૭૬ બુથ સહિત જિલ્લાના કુલ ૧૬૯૪ આરોગ્યકર્મીઓ દ્વારા પોલિયોની રસી પીવડાવાઇ હતી. તેની સાથોસાથ બાકી રહેલ બાળકોને તા.૦૧ લી અને ૨ જી



ફેબ્રુઆરીના રોજ આરોગ્યકર્મીઓ દ્વારા હાથ ધરાયેલી હાઉસ-ટુ-હાઉસ કામગીરીમાં આવરી લઇ આવા બાળકોને રસી પીવડાવવાની કામગીરી પૂર્ણ કરાશે. ઉક્ત પલ્સ પોલિયોના અભિયાનમાં સરકારશ્રીની કોવિડ-૧૯ ની માર્ગદર્શિકા મુજબ પોલીયો રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું આ રસીકરણ અભિયાનમાં આરોગ્ય વિભાગના કર્મીઓ, આશા બહેનો,આંગણવાડી બહેનો ઉપસ્થિત રહીને ભુલકાઓને પોલયોના ૨ ટીપા પીવડાવ્યા હોવાનું નર્મદાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. કે.પી.પટેલ તરફથી એક અખબારી યાદીમાં જણાવાયું છે.

તસવીરઃ જયોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.